Semester – ii

History – I - 112

ટૂંકા પ્રશ્નો

Prof. V.B.Patel

1. એક બે વાક્યોમાં જવાબ આપો :

(૧) મોન્તેસ્ક કઇ ક્રાંતિનો તત્વચિંતક હતો ?

ફ્રાંસ

(૨) ઔદ્યોગિક ક્રાંતિનો અર્થ સમજાવો.

માનવોને યાંત્રિક જીવન જીવતો કરનાર એક મહાન બનાવ તે 'ઔધોગિક ક્રાંતિ' વસ્તુના ઉત્પાદનની પધ્ધતિમાં અને ઉધોગોમાં જે મહાન ફેરફારો થયા તેને 'ઔધોગિક ક્રાંતિ' કહેવામાં આવે છે.

- ઔધોગિક ક્રાંતિનો સીધો સાદો અર્થ 'ઔધોગિક વિકાસ' એવો થાય છે. પરંતુ આ વિકાસ એટલો બધો પ્રભાવકારી અને વ્યાપક હતો કે તેણે મનુષ્યના આર્થિક જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું. તેથી આ વિકાસને 'ક્રાંતિ' નામ આપવામાં આવ્યું છે.

(3) સ્પીનીંગ જેનીની શોધ કોણે કરી ?

જેમ્સ હારગ્રીવ્ઝે ૧૭૬૪માં

(૪) સુન-યાત-સેન કઇ ક્રાંતિના નેતા હતા ?

૧૯૧૧ની ચીનની ક્રાંતિ

(૫) ઇ.સ.૧૯૧૭ની રશિયન ક્રાંતિ બીજા કયા નામે ઓળખાય છે ?

રશિયન ક્રાંતિ ‘બોલ્શેવિક પક્ષ’ દ્વારા થઇ, તેથી તેને ‘બોલ્શેવિક ક્રાંતિ’ પણ કહેવામાં આવે છે.

(૬) રાષ્ટ્રસંઘનો મહત્વનો હેતુ કયો હતો ?

આંતરરાષ્ટ્રીય શાંતિ તથા સલામતીની જાળવણી કરવી; દરેક રાષ્ટ્રે અન્ય રાષ્ટ્રોની પ્રદેશિક અખંડિતતા જાળવવી: તથા અન્ય રાષ્ટ્રોની સ્વતંત્રતા ઉપર તરાપ ન મારવી; પ્રત્યેક રાષ્ટ્ર પ્રત્યે સન્માનની ભાવના રાખીને આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા; તથા યુદ્ધની નીતિનો ત્યાગ કરવો.

(૭) ફ્રાંસની ક્રાંતિ ક્યારે થઇ ?

૧૭૮૯

(૮) ફ્રાંસની ક્રાંતિએ માનવજાતને આપેલા ત્રણ મૂલ્યવાન આદર્શો જણાવો ?

“સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા એ ત્રણ મૂલ્યવાન આદર્શો ફ્રેન્ચ ક્રાંતિએ માનવજાતને આપેલો અતિ મહત્વનો અને અમૂલ્ય વારસો છે.”

(૯) ફ્રાંસના રાજાઓ કયા વંશના હતા ? તેઓ કયા નામથી ઓળખાતા ?

બુર્બોન વંશના રાજાઓ લૂઇ રાજાઓ તરીકે ઓળખાતા.

(૧૦) ફ્રાંસના સમાજના વર્ગો કેટલા હતા ?

ફ્રાન્સના સમાજમાં પાદરીઓ, ઉમરાવો અને ખેડૂતો, વેપારીઓ તથા કરીગરો એમ કુલ ત્રણ વર્ગ હતા.

(૧૧) ફ્રાંસ ભડકે બળતું હતું તે સમયે કયો રાજા ફીડલ વગાડતો હતો ?

રાજા નીરો

(૧૨) ફ્રાંસની પાર્લામેન્ટકયા નામે ઓળખાતી ?

“સ્ટેટસ જનરલ”

(૧૩) રૂસોના પુસ્તકનું નામ જણાવો ?

સામાજીક કરાર

(૧૪) “જો રૂસો ન હોત તો ફ્રાન્સની ક્રાંતિ પણ ન હોત” આ વાક્ય કોણે કહ્યું ?

નેપોલિયન

(૧૫) ફ્રાંસમાં નવી તોલમાપની કઇ પદ્ધતિ દાખલ કરવામાં આવી ? જે પાછળથી કઇ પદ્ધતિ તરીકે ઓળખાઇ ?

ફ્રાન્સમાં નવા તોલમાપ અને નવી સરળ દ્શાંશ પધ્ધતિ દાખલ કરવામાં આવી જે પાછળથી મેટ્રિક પધ્ધતિ તરીકે ઓળખાઇ.

(૧૬) નેપોલિયનનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?

નેપોલિયનનો જન્મ ફ્રાન્સના તાબા હેઠળનાં કોર્સીકા ટાપુમાં ઇ.સ.૧૭૬૯માં થયો હતો.

(૧૭) “અશક્ય” જેવો શબ્દ કોના શબ્દકોશમાં ન હતો ?

નેપોલિયન

(૧૮) ઔદ્યોગિક ક્રાંતિ શબ્દને લોકપ્રિય બનાવવાનો યશ કોને ફાળે જાય છે ?

આર્નોલ્ડ ટોયન્બીને ફાળે જાય છે.

(૧૯) સ્પિનિંગ જેનીની શોધ કોણે અને ક્યારે કરી ? તેની અસર જણાવો ?

૧૭૬૪માં જેમ્સ હારગ્રીવ્ઝે કરી-આ યંત્રની મદદ થી એકી સાથે એક ચક્ર ફેરવવાથી આઠ તાર કાંતી શકાતા હતા.

(૨૦) ફ્રાંસના મહાન ચિંતક રૂસોનું કયું પુસ્તક પ્રેરકબળ બનેલું ?

"સામાજીક કરાર"

(૨૧) યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિનો સમયગાળો કયો મૂકવામાં આવે છે ?

**ઇ.સ. ૧૭૫૦ થી ૧૮૫૦**

(૨૨) રશિયાની બિલ્શેવિક ક્રાંતિના નેતા લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું હતું ?

રશિયાની પ્રજાને "શાંતિ, જમીન અને રોટી"નું ખૂબ જ અસર કારક સૂત્ર આપ્યું.

(૨૩) વોટરફ્રેમની શોધ કોણે કરી ? ક્યારે ? તેની અસર જણાવો ?

રિચર્ડ આર્કરાઇટે ૧૭૬૬માં પાણીથી ચાલતું (આપમેળે) યંત્ર ખૂબ જ ઝડપથી ઝીણા અને મજબૂત તાર કાઢી શકાય તેવું યંત્ર શોધાતાં કાપડનું ઉત્પાદન ઝડપી બન્યું.

(૨૪) . સ્પિનિંગ મ્યૂલની શોધ કોણે કરી ? તેની અસર જણાવો ?

સેમ્યુઅલ કોમ્પટને - તેનાથી પાતળું, મજબૂત અને સુવાળું સુતર કાંતી શકાતું

(૨૫) યાંત્રિક સાળ (પાવરલુમ)ની શોધ કોણે, ક્યારે કરી તેની અસર જણાવો ?

એડમંડ કાર્ટરાઇટે ૧૭૮૫માં - આ સાળમાં બેસાડેલા ત્રણ કાંઠલાથી એક માણસ ચાર વણકરો જેટલું કામ એકલે હાથે કરી શકતો.

(૨૬) પ્રિન્ટિંગ સિલિન્ડરની શોધ કોણે કરી તેની અસર જણાવો ?

થોમસ બેલે - કાપડ છાપવા બસો માણસનું કામ એક માણસથી થવા લાગ્યું.

(૨૭) કોટન જીનની શોધ કોણે કરી તેની અસર જણાવો ?

એલી વ્હીટનીએ - જેનાથી કપાસ લોઢવાનું કામ ઝડપથી થવા લાગ્યું

(૨૮) વરાળયંત્રની શોધ કોણે કરી તેની અસર જણાવો ?

જેમ્સ વોટ નામના વૈજ્ઞાનિકે વરાળયંત્ર શોધ્યું પાણી શક્તિ તરીકે વપરાવા લાગ્યું. પરિણામે કાપડ ઉધોગ અને બીજા કેટલાક ઉધોગોમાં વરાળયંત્રની શોધે મહત્વના ફેરફર કર્યા.

(૨૯) ખનીજ કોલસાની શોધ ક્યારે થઇ ?

ઇ.સ.૧૭૫૦માં ખનીજ કોલસો શોધી કાઢવામાં આવ્યો.

(30) વરાળ એન્જિનની શોધ કોણે ક્યારે કરી ?

૧૮૧૪માં જ્યોર્જ સ્ટીવન્સને એવું વરાળ એન્જિન બનાવ્યું કે જે લોખંડના પાટા પર ચાલી શકતું હતું અને સાથે વજન ભરેલા રેલ ડબ્બા પણ ખેંચી શકતુ હતું. આ શોધથી રેલવેનું નિર્માણ થયું.

(૩ ૧) ડિઝલ એન્જિનની શોધ કોણે કરી ક્યારે ?

ઇ.સ.૧૮૯૨માં રૂડોલ્ફે ડિઝલ એન્જિનની શોધ કરી જેથી ઝડપી વાહનવ્યવહાર માટે બળતણશક્તિનું સરળ સાધન પ્રાપ્ત થયું.

(૩ ૨) એરોપ્લેનની શોધ કોણે ક્યારે કરી ?

૧૯૦૩ માં રાઇટ ભાઇઓએ એરોપ્લેનની શોધ કરી.

(૩ ૩) સ્ટીમ બોટની શોધ કોણે ક્યારે કરી ?

ઇ.સ.૧૮૦૭માં રોબર્ટ ફલ્ટને સ્ટીમ બોટની શોધ કરી.આથી દરિયાઇ સફર ઝડપી બની.

(૩ ૪) વીજળીની શોધ કોણે કરી ?

માઇકલ ફેરડેએ વીજળીની શોધ કરી.

(૩ ૫) . ટેલીફોનની શોધ કોણે કરી ?

એલેકેઝાન્ડર ગ્રેહામ બેલે ‘ટેલિફોન’ની શોધ કરી

(૩ ૬) લેનિનના પક્ષનું નામ શું હતું ?

‘બોલ્શેવિક’ (સામ્યવાદી)

(૩ ૭) રશિયામાં કયા વંશના રાજાઓ કયા નામે ઓળખાતા હતા ?

રશિયામાં રોમેનોફ વંશના રાજાઓ ‘ઝાર’ નામે ઓળખાતા

(૩૮) ૧૮૬૭માં રાજગાદી પર મૈઇજીના પદથી કોણ સ્થાપિત થયા ?

૧૮૬૭માં રાજગાદી પર મૈઇજીના પદથી મિત્સુહિટો સ્થાપિત થયા.

(૩૯) જાપાનના કયા ચાર સામંતોએ પોતાની જાગીર સમ્રાટને અર્પણ કરી ?

**સત્સુમા, ચોશુ, તૌસા અને હીજેનના સામંતોને પોતાની જાગીરો સમ્રાટના ચરણે ધરી**

**(૪૦) ઇ.સ.**૧૯૧૧ની ચીનની ક્રાંતિના નેતા કોણ હતા ?

ડૉ.સુન-યાત-સેન

(૪૧) રશિયન ક્રાંતિ કયા પક્ષ દ્વારા થઇ હતી ?

રશિયન ક્રાંતિ 'બોલ્શેવિક પક્ષ' દ્વારા થઇ

(૪૨) રશિયા-જાપાન યુદ્ધ ક્યારે અને કેમ થયું ?

રાશિયાએ ચીનની ઉત્તરે આવેલા મંચુરિયા પર પોતાનું રાજકીય પ્રભુત્વ સ્થાપ્યું હતું. એનાથી જાપાનના હિતોને નુકસાન થતું હતું. આથી ઇ.સ.૧૯૦૪-૦૫માં રશિયા-જાપાન યુધ્ધ થયું

(૪૩) રશિયન રાજાઓ કયા વંશના હતા ? તેઓ કયા નામે ઓળખાતા ?

રશિયામાં રોમેનોફ વંશના ‘ઝાર’ નામે ઓળખાતા

(૪૪) લોહિયાળ રવિવારનો બનાવ ક્યારે બન્યો ? તેના નેતા કોણ હતા ?

૨૨ જાન્યુઆરી, ૧૯૦૫ના રોજ ફાધર ગેપન નામના એક પાદરીના નેતૃત્વ હેઠળ

(૪૫) રશિયન ધારાસભા કયા નામે ઓળખાતી ?

ડુમા

(૪૬) રશિયામાં બોલ્શેવિક સામ્યવાદી સરકારની સ્થાપના ક્યારે થઇ ?

લેનિનના નેતૃત્વ હેઠળ નવેમ્બર, ૧૯૧૭માં બોલ્શેવિકોની સામ્યવાદી સરકારની સ્થાપના કરવામાં આવી

(૪૭) રશિયામાં બોલ્શેવિક સામ્યવાદી સરકારની સ્થાપના થતાં કયા સિદ્ધાંતો અમલમાં આવ્યા ?

‘કામ કરે તે ખાય’ના સિદ્ધાંતની સાથે ‘કામ કરે તેને જ મતાધિકાર’ નો સિદ્ધાંત પણ અમલમાં આવ્યો.

(૪૮) રશિયન ક્રાંતિ બાદ વિશ્વ કયા બે જૂથોમાં વહેંચાઇ ગયું ?

રશિયન ક્રાંતિના પરિણામે લાંબા ગાળે વિશ્વનાં રાજ્યો સામ્યવાદી અને મૂડીવાદી એવાં બે જૂથોમાં વહેંચાઇ ગયાં.

(૪૯) પ્રથમ વિશ્વયુદ્ધ ક્યારે લડાયુ ?

પ્રથમ વિશ્વયુદ્ધ ઇ.સ.૧૯૧૪ થી ૧૯૧૮ દરમિયાન લડાયું.

(૫૦) ૨૦મી સદીના પ્રથમ દશકામાં વિશ્વ કેટલા જૂથોમાં વહેંચાયું ?

૨૦મી સદીના પ્રથમ દશકામાં સમગ્ર વિશ્વ (1) ઇંગ્લેન્ડ, ફ્રાંસ અને રશિયા તથા (2) જર્મની, ઓસ્ટ્રિયા અને ઇટાલી- એવા બે પરસ્પર વિરોધી જૂથોમાં વહેંચાઇ ગયું.

(૫૧) પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કલિક કારણ જણાવો ?

‘બ્લેક હેન્ડ’ નામની ગુપ્ત સંસ્થાના એક સભ્યે ૨૮ જૂ, ૧૯૧૪ના રોજ બોસ્નિયાના પાટનગર સારાજેવોની મુલાકાતે ખુલ્લી બગીમાં આવેલા, ઓસ્ટ્રિયાના પાટવીકુંવર ફર્ડિનાન્ડ અને તેની પત્ની પર ગોળી છોડી બંનેની હત્યા કરી.

(૫૨) પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત ક્યારે થઇ ?

ઓસ્ટ્રિયાએ સર્બિયા સામે યુદ્ધ જાહેર કરી દીધું (૨૮ જુલાઇ ૧૯૧૪) અને યુદ્ધની શરૂઆત થઇ.

(૫૩) પ્રથમ વિશ્વયુદ્ધનો અંત ક્યારે થયો ?

૧૧ નવેમ્બર, ૧૯૧૮

(૫૪) વર્સેલ્સની સંધિ ક્યારે અને ક્યાં થઇ ?

જર્મની સાથે ૨૮ જૂન, ૧૯૧૯ના રોજ વર્સેલ્સના પ્રખ્યાત સાઇના મહેલમાં સંધિ કરવામાં આવી

(૫૫) વિશ્વ મહામંદી ક્યારે આવી ?

ઇ.સ.૧૯૨૯

(૫૬) ‘રાષ્ટ્રસંઘ’ની સ્થાપના ક્યારે થઇ ?

૧૦ જાન્યુઆરી, ૧૯૨૦

(૫૭) રાષ્ટ્રસંઘના મુખ્ય અંગો જણાવો ?

૧. સામાન્ય સભા, ૨.કારોબારી સમિતિ, ૩.સચિવાલય, ૪. આંતરરાષ્ટ્રીય ન્યાય-અદાલત અને ૫. આંતરરાષ્ટ્રીય મઝદૂર સંસ્થા.

2. (અ) સાચો જવાબ શોધો

(ક)

(૧) ફ્રાંસ ક્રાંતિના તત્વચિંતક કોણ નથી ?

(અ) રૂસો (બ) વોલ્તેર

(ક) મોન્તેસ્ક (ડ) <u>કાર્લ માર્ક્સ</u>

(૨) નેપોલિયન કયા દેશનો સરમુખત્યાર હતો ?

(અ) ભારત (બ) અમેરિકા

(ક) પાકિસ્તાન (ડ) <u>ફ્રાંસ</u>

(૩) ટેલિફોનની શોધ કોણે કરી ?

(અ) જેમ્સ હારગ્રીવ્સ (બ) સ્ટીફન્સ

(ક) ન્યૂટન (ડ) ગ્રેહામ બેલ

(૪) ઇ.સ.૧૯૧૧ની ચીન ક્રાંતિ દરમ્યાન કયા પક્ષની સ્થાપના કરવામાં આવી ?

(અ) યંગ ચાઇના (બ) કુઓ-મિન-તાંગ

(ક) તુંગ-મેંગ-હૂઇ (ડ) છેંગ-પાઓ

(૫) સામ્યવાદી વિચારધારાના પ્રણેતા કોણ હતું ?

(અ) લેનિન (બ) હિટલર

(ક) કાર્લ માર્ક્સ (ડ) સૂન-યાત-સેન

(૬) પ્રથમ વિશ્વયુદ્ધમાં કયા દેશનો પરાજય થયો ?

(અ) ભારત (બ) ઇંગ્લેન્ડ

(ક) અમેરિકા (ડ) જર્મની

(બ) ખરાં કે ખોટાં લખો : (૮)

(૧) 'હું જ રાજ્ય છું' –આ વિધાન લૂઇ ૧૪માંનું છે.

સાચુ

(૨) 'સામાજિક કરાર' ગ્રંથ રૂસોએ લખ્યો.

સાચુ

(૩) નેપોલિયન છેલ્લુ યુદ્ધ વોટરલૂના મેદાનમાં લડ્યો.

(૪) ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત ઇંગ્લેન્ડથી થઇ.

સાચુ

(૫) ઇ.સ. ૧૯૧૭માં રશિયામાં બોલ્શેવિક ક્રાંતિ થઇ.

(૬) ‘દાસ કેપિટલ’ ગ્રંથ કાર્લ માર્ક્સે લખ્યો.

(૭) પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇંગ્લેન્ડનો વિજય થયો.

(૮) વુડ્રો વિલ્સન અમેરિકાના પ્રમુખ હતા.

(૯) ‘મને ઇશ્વરે મોકલ્યો છે. તેથી હું મારા કાર્યો માટે મારી પ્રજાને નહીં પરંતુ સીધો જ ઇશ્વરેને જવાબદાર છું.’ – આ વાક્ય લૂઇ ૧૫મા નું છે.

ખોટુ – (લૂઇ ૧૬માનું)